# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારા પ્રાકૃતિક ખેતી પધ્ધતી વિષય ઉપર ક્ષેત્રિય તાલીમ વર્ગો યોજાયા

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર અને ઓન ફાર્મ રિસર્ચ યોજના સંયુક્ત ઉપક્રમે તારીખ ૨૩/૦૮/૨૦૨૩ અને ૨૪-૦૮-૨૦૨૩ના રોજ ગામ આંબલી તેમજ વડવા તા- ગરબાડા ખાતે **પ્રાકૃતિક ખેતી પધ્ધતી** વિષય ઉપર કુલ બે ક્ષેત્રિય તાલીમ વર્ગો યોજાયા. આ ગામમાં તાલીમની શરૂઆતમાં **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી ખેડૂતોનું સ્વાગત કર્યું અને કેન્દ્રની વિવિધ સંશોધન તેમજ વિસ્તરણની પ્રવૃતિઓ વિશે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા તેમજ પ્રાકૃતિક ખેતી પધ્ધતિના જુદા જુદા આયામો અને મુખ્ય રોગ અને જીવાત નિયંત્રણ વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી. કાર્યક્રમની રુપરેખા મુજબ **ડૉ. એકતા પંડ્યા** દ્વારા રાગીની પોષણક્ષમ બનાવટો જેવીકે રાગીનો શીરો, પાપડી,ખાખરા વગેરેની વિસ્તૃતમાં સમજણ આપી હતી તેમજ મિલેટ્સ વર્ષ અંતર્ગત રાગીની પાપડી નિદર્શનના રૂપમાં બહેનોને આપ્યા હતા. ક્ષેત્રિય તાલીમ વર્ગ ની સાથે-સાથે સ્ટ્રેન્ધનીંગ એડેપ્ટીવ રીસર્ચ ઇન ઓલ એગ્રો ક્લાઇમેટીક ઝોન ઓફ એ.એ.યુ. યોજના અંતર્ગત નાગલી, સોયાબીન અને મકાઈ પાકોના નિર્દર્શનની મુલાકાત લેવામાં આવી. આ સમગ્ર પ્રોગ્રામનું સંકલન **શ્રી ડી. જે. ગોહિલ** અને **શ્રી વિજય મોરી** દ્વારા કરવામાં આવેલ જે થકી કુલ **૫૮ (૦૮ ભાઈઓ અને ૫૦ મહિલાઓ)** ખેડૂતોએ ભાગ લીધેલ.









